પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ    વર્ષ : ૨૮    અંક : ૧૨૧  કુલ પાના : ૪   તારીખ : ૧૧-૦૧-૨૦૨૫   શનિવાર   કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97  9712880678  panchmahalsamachar@gmail.com  panchmahalsamachar  panchmahalsamachar  www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## જ્યારે હું ગુજરાતનો મુખ્યમંત્રી હતો, ત્યારે મેં એક ભાષણમાં લોકોને કહ્યું હતું કે મારાથી પણ ભૂલો થઈ છે, હું માણસ છું, ભગવાન નહીં.વડાપ્રધાન

### સારા લોકો રાજકારણમાં આવતા રહેવા જોઈએ. તેમણે મહત્વાકાંક્ષા સાથે નહીં, પણ એક મિશન સાથે આવવું જોઈએ.



નવીદિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઝેરોધાના સહ-સ્થાપક નિખિલ કામથ સાથે તેમનો પહેલો પોડકાસ્ટ કર્યો છે. પીએમ મોદી ’પીપલ બાય ડબ્લ્યુટીએફ’ શોમાં પહેલી વાર પોડકાસ્ટમાં જોવા મળશે. નિખિલ કામથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર પીએમ મોદીના પહેલા પોડકાસ્ટનું ટીઝર શેર કર્યું છે. ટીઝર શેર કરતાં તેમણે લખ્યું, આ ટીઝરમાં, પીએમ મોદી કેટલાક રસપ્રદ પ્રશ્નોના જવાબ આપતા જોઈ શકાય છે.

નિખિલ કામથે પીએમ મોદીને પૂછ્યું કે શું રાજકારણ એક ગંદી જગ્યા છે? પીએમ મોદીએ આનો સરળતાથી જવાબ આપ્યો. તેમણે કહ્યું કે જો એવું હોત તો તેઓ કામથ સાથે ન બેઠા હોત. બીજા એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે સારા લોકોએ રાજકારણમાં આવતા રહેવું જોઈએ. તેમણે મહત્વાકાંક્ષાઓ સાથે નહીં પરંતુ એક મિશન સાથે રાજકારણમાં આવવું જોઈએ.

નિખિલ કામથે એક પોડકાસ્ટની ક્લિપ પોસ્ટ કરી જેમાં તે એક મહેમાનને પ્રશ્નો પૂછતો જોવા મળ્યો. જવાબ આપનાર વ્યક્તિ દેખાતી ન હતી, પરંતુ તે એક મોટો સંકેત હતો કે જવાબ આપનાર વ્યક્તિ પીએમ મોદી હતા. આવી સ્થિતિમાં, જ્યારે કામથે વડા પ્રધાનના ચહેરા સાથેનો વીડિયો શેર કર્યો, ત્યારે લોકોને બહુ આશ્ચર્ય થયું નહીં. બુધવારની ક્લિપમાં, કામથ તેમના મહેમાનને થોડા વર્ષો પહેલા બેંગલુરુમાં થયેલી તેમની મુલાકાતની યાદ અપાવતા જોવા મળ્યા.

ઝેરોધાના સહ-સ્થાપક નિખિલ કામથના પોડકાસ્ટ શોમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઘણા મુદ્દાઓ પર ખુલીને વાત કરી. પોડકાસ્ટની શરૂઆતમાં, નિખિલ કામથે પીએમ મોદીને કહ્યું, "હું અહીં તમારી સામે બેઠો છું અને વાત કરી રહ્યો છું, મને નર્વસ લાગી રહ્યો છે. આ મારા માટે મુશ્કેલ વાતચીત છે." આના પર પીએમ મોદીએ હસતાં હસતાં જવાબ આપ્યો, "આ મારો પહેલો પોડકાસ્ટ છે, મને ખબર નથી કે તમારા દર્શકોને તે કેટલું ગમશે." પીએમએ કહ્યું કે તેમના જીવનનો મંત્ર એ છે કે ખરાબ ઈરાદા સાથે ક્યારેય કોઈ ખોટું કામ ન કરવું.

પીએમએ કહ્યું કે જ્યારે હું મુખ્યમંત્રી બન્યો, ત્યારે મેં એક ભાષણ આપ્યું હતું જેમાં મેં કહ્યું હતું કે, હું સખત મહેનત કરવામાં શરમાઈશ નહીં અને હું મારા માટે કંઈ કરીશ નહીં. હું એક એવો માણસ છું જે ભૂલો કરી શકે છે, પણ ખરાબ ઈરાદાથી ક્યારેય કંઈ ખોટું નહીં કરું. આ મારા જીવનનો મંત્ર છે. છેવટે, હું એક માણસ છું, ભગવાન નથી.

નિખિલ કામથ દ્વારા આયોજિત પોડકાસ્ટમાં, પીએમ મોદીએ કહ્યું કે ગાંધી અને સાવરકરના રસ્તા અલગ હતા, પરંતુ તેમની વિચારધારા "સ્વતંત્રતા" હતી. વિચારધારા કરતાં આદર્શવાદ વધુ મહત્વપૂર્ણ છે. વિચારધારા વિના રાજકારણ હોઈ શકે નહીં. જોકે, આદર્શવાદ ખૂબ જ મહત્વપૂર્ણ છે. સ્વતંત્રતા પહેલા, (સ્વાતંત્ર્ય સેનાનીઓની) વિચારધારા સ્વતંત્રતા હતી. ગાંધીજીનો રસ્તો અલગ હતો, પણ તેમની વિચારધારા સ્વતંત્રતા હતી. સાવરકરે પોતાનો માર્ગ પસંદ કર્યો, પરંતુ તેમની વિચારધારા સ્વતંત્રતા હતી." પોતાની વિચારધારા પર બોલતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે વ્યક્તિએ હંમેશા રાષ્ટ્રને પ્રથમ રાખવું જોઈએ.

હું એવો વ્યક્તિ નથી જે પોતાની સુવિધા મુજબ મારું વલણ બદલી નાખે. હું ફક્ત એક જ વિચારધારામાં માનતો મોટો થયો છું. જો મારે મારી વિચારધારાને થોડા શબ્દોમાં વર્ણવવી હોય, તો હું કહીશ, ’રાષ્ટ્ર પ્રથમ.’ ’નેશન ફર્સ્ટ’ ટેગલાઈનમાં જે કંઈ પણ બંધબેસે છે તે મને વિચારધારા અને પરંપરાના બંધનોમાં બંધાતું નથી. આનાથી અમને આગળ વધવાની પ્રેરણા મળી. હું જૂની વસ્તુઓ છોડીને નવી વસ્તુઓ અપનાવવા તૈયાર છું. જોકે, શરત હંમેશા ’રાષ્ટ્ર પ્રથમ’ ની હોય છે.

પીએમએ કહ્યું કે હું એક સામાન્ય વિદ્યાર્થી હતો. મારા એક શિક્ષક હતા જે મારા પ્રત્યે ખૂબ જ પ્રેમાળ હતા. એક દિવસ તે મારા પિતાને કહી રહ્યો હતો કે તેની પાસે પ્રતિભા છે પણ કોઈ તેના પર ધ્યાન આપતું નથી. બધું ઝડપથી પકડી લે છે. હું મારા શિક્ષકોનું જાહેરમાં સન્માન કરવા માંગતો હતો. મેં બધાને શોધી કાઢ્યા અને જાહેરમાં તેમનું સન્માન કર્યું. રાજ્યપાલ પણ આમાં હાજર રહ્યા હતા. મારા મનમાં હતું કે હું જે કંઈ છું, તેમણે મને બનાવવામાં પણ ફાળો આપ્યો છે. મેં ૩૦-૩૨ શિક્ષકોને બોલાવ્યા અને તેમનું સન્માન કર્યું. એ મારા જીવનના સારા ક્ષણો હતા.

પોતાના મિત્રો વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે મેં નાની ઉંમરે ઘર છોડી દીધું હતું. મેં ફક્ત ઘર જ નહીં, બધું જ છોડી દીધું. કોઈની સાથે જોડાયેલો નહોતો. પણ જ્યારે હું મુખ્યમંત્રી બન્યો, ત્યારે મારા મનમાં મારા ક્લાસના મિત્રોને મુખ્યમંત્રી ગૃહમાં બોલાવવાની ઈચ્છા જાગી. હું નહોતો ઈચ્છતો કે તે એવું વિચારે કે હું કોઈ હોશિયાર વ્યક્તિ છું. મારામાં કોઈ બદલાવ નહોતો, હું તે ક્ષણ જીવવા માંગતો હતો. મેં બધાને ફોન કર્યા હતા. તે રાત્રે મેં ઘણું બધું ખાધું અને ઘણી વાતો કરી, પણ મને બહુ મજા ન આવી. કારણ કે હું એક મિત્ર શોધી રહ્યો હતો.

પણ તે મુખ્યમંત્રીને મળી રહ્યા હતા. મારા જીવનમાં એવું કોઈ બચ્યું નથી જે ’તું’ કહી શકે. અમે હજુ પણ સંપર્કમાં છીએ પણ તે મને ખૂબ આદરથી જુએ છે.રાજકારણમાં આવતા યુવાનો માટે પીએમ મોદીએ કહ્યું કે એક રાજકારણમાં આવવાનું છે અને બીજું સફળ થવાનું છે. તે માટે જનતા તરફથી પ્રતિબદ્ધતા હોવી જોઈએ. લોકોના સુખ-દુઃખમાં ભાગીદાર હોવા જોઈએ. એક સારો ટીમ પ્લેયર હોવો જોઈએ. ભાષણ આપવા કરતાં વાતચીત કરવી વધુ મહત્વપૂર્ણ છે. દેશને રાજકારણમાં આવનારા ૧ લાખ યુવાનોની જરૂર છે. જો આ લેવાનું, મેળવવાનું અને બનવાનું લક્ષ્ય છે. રાજકારણમાં તેમનો સમય બહુ લાંબો નથી.આજે દુનિયામાં જે કંઈ પણ થઈ રહ્યું છે, શું આપણે તેની ચિંતા કરવી જોઈએ? નિખિલ કામથના આ પ્રશ્નના જવાબમાં પીએમ મોદીએ કહ્યું કે આ સંકટના સમયમાં તેઓ સતત કહી રહ્યા છે કે હું તટસ્થ નથી, પરંતુ શાંતિના પક્ષમાં છું.વાતચીત દરમિયાન, કામથે પોતાનો અનુભવ પણ શેર કર્યો કે જ્યારે તેઓ મોટા થઈ રહ્યા હતા, ત્યારે રાજકારણને નકારાત્મક રીતે જોવામાં આવતું હતું, તમે આને કેવી રીતે જુઓ છો? આ પ્રશ્નના જવાબમાં પીએમ મોદીએ કહ્યું, "જો તમને તમારી વાત પર વિશ્વાસ હોત, તો આપણે આ વાતચીત ન કરી હોત."

## રાજકોટમાં નકલી બીડીનું કારખાનું ઝડપાયું, કારખાનું બંધ કરાવ્યું



રાજકોટ

રાજકોટ શહેરના બજરંગવાડી વિસ્તારમાં આવેલ એક ગોડાઉનમાંથી એસઓજી પોલીસે મોટા પ્રમાણમાં નકલી બીડી બનાવતી ફેક્ટરી ઝડપી પાડી છે. પોલીસે મળેલી બાતમીના આધારે દરોડો પાડી આ કારખાનું બંધ કરાવ્યું છે.

આ કારખાનામાંથી મોટી માત્રમાં નકલી બીડી, બીડી બનાવવાના કાચા માલ અને મશીનરી મળી આવી છે. પોલીસે આ સંદર્ભમાં એકથી વધુ શખ્સોની ધરપકડ કરી છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આ ગેંગ લાંબા સમયથી નકલી બીડી બનાવીને બજારમાં વેચતી હતી. આ કારખાનામાં બનાવેલી નકલી બીડીઓને પ્રતિષ્ઠિત બ્રાન્ડના નામથી બજારમાં વેચવામાં આવતી હતી. આ ઘટનાએ શહેરમાં ચકચાર મચાવી દીધી છે. લોકોમાં નકલી બીડીઓ અંગે ચિંતા વ્યાપી ગઈ છે. પોલીસે આ મામલે કડક કાર્યવાહી કરવાની કવાયત હાથ ધરી છે.





અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
ગુજરાત રાજ્ય

રાજ્ય સરકાર દ્વારા
“રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩”
(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૪ લાખ થી
વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૬૮ કરોડ
જનસંખ્યાને

“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”
અંતર્ગત જાન્યુઆરી - ૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |

જાન્યુઆરી - ૨૦૨૫ માસનું વિતરણ
તારીખ:૩૧/૦૧/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

રાજ્ય સરકારની ખાંડ, મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત
યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા.રૂ |
|---|---|---|---|---|
| ૧ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૨ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૩ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

ઈ શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫
તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે


## ઉત્તરાયણમાં કાચ પાયેલી દોરી, ચાઈનીઝ દોરી, નાઈલોન દોરી પર પ્રતિબંધ

અમદાવાદ

ગુજરાતમાં ઉત્તરાયણ પર્વની ઉજવણીને લઈને એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટે રાજ્યભરમાં કાચ પાયેલી દોરી, ચાઈનીઝ દોરી અને નાયલોન દોરી પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ નિર્ણય પછી રાજ્ય સરકારે આ પ્રતિબંધને સખ્તીથી અમલમાં મૂકવાની ખાતરી આપી છે.

ઉત્તરાયણને લઈને મોટા સમાચાર ગુજરાત હાઈકોર્ટમાં સામે આવ્યા છે. ગુજરાત હાઈકોર્ટે રાજ્યભરમાં કાચ પાયેલા દોરાના ઉપયોગ પર પ્રતિબંધ લગાવ્યો છે. ચાઈનીઝ દોરી, નાઈલોન દોરી અને કાચ પાયેલ કોટન થ્રેડ ઉપર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. રાજ્ય સરકારે હુકમ પાલનની પ્રતિબધ્ધતા દર્શાવીને, આગામી ૧૩ જાન્યુઆરી સુધીમા ઠોસ અને અસરકારક પગલા લેવા કોર્ટમાં ખાતરી આપી છે. આ કેસની વધુ સુનવણી આગામી ૧૩ જાન્યુઆરીએ થશે.

કોર્ટે આ નિર્ણય લેવાનું કારણ દર્શાવતા જણાવ્યું હતું કે, આ પ્રકારની દોરીઓ પક્ષીઓ અને માનવીઓ માટે ખૂબ જ જોખમી હોય છે. આ દોરીઓના કારણે દર વર્ષે અનેક લોકો ઘાયલ થાય છે અને પક્ષીઓના મોત થાય છે.

રાજ્ય સરકારે આ નિર્ણયનું સ્વાગત કર્યું છે અને કહ્યું છે કે, તેઓ આ નિર્ણયને અમલમાં મૂકવા માટે જરૂરી તમામ પગલાં ભરશે. સરકારે પોલીસ અને અન્ય તંત્રને આ મામલે સતર્ક રહેવા અને દોષિતો સામે કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે.

આ નિર્ણયથી ઉત્તરાયણની ઉજવણીમાં થોડો ફેરફાર થઈ શકે છે, પરંતુ આ નિર્ણય માનવી અને પક્ષીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હોય શકે છે.

## તાલિબાની આતંકીઓ પાકિસ્તાનમાંથી ૧૮ પરમાણુ એન્જિનિયરોને ઉઠાવી ગયા

ઈસ્લામાબાદ

પાકિસ્તાનમાં તહરીક એ તાલિબાન પાકિસ્તાન (ટીટીપી)એ ડેરા ઈસ્માઈલ ખાનમાં પાકિસ્તાનના પરમાણુ ઉર્જા આયોગ (પીઈએસી)માં કામ કરતા ૧૮ એન્જિનિયરોનું અપહરણ કરી લીધુ હોવાના સમાચાર વહેતા થયા છે. આ સાથે જ કથિત રીતે દેશની સૌથી મોટી યુરેનિયમ ખાણમાંથી મોટા પાયે યુરેનિયમની લૂંટ ચલાવી છે.

પરમાણુ વૈજ્ઞાનિકોના અપરહણે સમગ્ર દેશને આઘાતમાં નાખી દીધો છે. તેણે પાકિસ્તાનની બગડતી સુરક્ષા સ્થિતિ અને વધતી આંતરિક અરાજકતાને ઉજાગર કરી છે અને દુનિયાને દેખાડી દીધુ છે કે તે તેના આટલા મહત્વપૂર્ણ સ્થાની સુરક્ષા કરવામાં પણ કઈ રીતે નિષ્ફળ ગયું છે. તેનો વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે. કેટલાક રિપોર્ટ્સમાં એવું કહેવાય છે કે અપહરણ કરાયલા લોકો પરમાણુ એન્જિનિયર નહીં પરંતુ ત્યાં કામ કરતા મજૂર છે. ટીટીપી આતંકીઓએ અપહૃત કરાયેલા આ લોકોનો એક વીડિયો પણ બહાર પાડ્યો છે. જેમાં આ લોકો શાહબાજ સરકારને ગુહાર લગાવી રહ્યા છે કે તેઓ તેમને આતંકીઓના કબજામાંથી છોડાવી લે. હાલ પાકિસ્તાન સરકારના સૌથી મોટા દુશ્મન બની બેઠેલા ટીટીપીના આતંકીઓનો હેતુ આ એન્જિનિયરોને નુકસાન પહોંચાડવાનો નથી પરંતુ ઈસ્લામાબાદ પર ટીટીપીના લોકો વિરુદ્ધ સૈન્ય હુમલા રોકવા માટે દબાણ નાખવાનો હતો. પોતાના નિવેદનમાં આતંકીઓએ હાલ પાકિસ્તાની જેલોમાં બંધ ટીટીપીના મુખ્ય આતંકીઓને છોડવાની પણ માંગણી કરી છે.

આતંકીઓની આ હરકતે પાકિસ્તાન સરકારને ચિંતામાં નાખી છે. આ સાથે જ રાષ્ટ્રીય સુરક્ષા માટે ખુબ મહત્વનો અને સંવેદનશીલ પરમાણુ કાર્યક્રમ પણ જોખમમાં પડ્યો છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ ટીટીપીએ યુરેનિયમનો એક મોટો ભંડાર લૂંટી લીધો છે. જેનાથી પરમાણુ સામગ્રીના સંભવિત દુરઉપયોગ વિશે આશંકાઓ વધી છે. આ સાથે જ એ પણ દર્શાવે છે કે પાકિસ્તાનના મહત્વકાંક્ષી ન્યૂક્લિયર પ્રોગ્રામના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુરક્ષા કેટલી જોખમમાં છે. આ અપહરણ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે વધેલા તણાવ દરમિયાન થયું છે. અફઘાનિસ્તાનમાં ટીટીપીના ઠેકાણાઓ વિરુદ્ધ પાકિસ્તાન દ્વારા હવાઈ હુમલા બાદ તાલિબાનના રક્ષા મંત્રાલયે જવાબ આપતા પાકિસ્તાન પર નિર્દોષ શરણાર્થીઓને પણ નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો છે. હિંસક આદાન પ્રદાને બંને દેશો વચ્ચે સંબંધોને વધુ તણાવપૂર્ણ બનાવ્યા છે. અફઘાન તાલિબાને જવાબી કાર્યવાહીની પણ ચેતવણી આપેલી છે. હવે પાકિસ્તાનની પોલીસ અપહરણ કરાયેલા લોકોને છોડાવવા માટે ઠેર ઠેર સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. તેમને શોધી રહી છે. પહેલેથી જ ટીટીપની વધતી તાકાત અને પાકિસ્તાની સૈન્ય કર્મીઓ પર તેમના વારંવાર હુમલાઓએ વિસ્તારમાં સુરક્ષા સ્થિતિની પોલ ખોલી છે. તેના પર હવે પરમાણુ પ્રોગ્રામ સાથે જોડાયેલા લોકોનું અપહરણ અને યુરેનિયમની ચોરી સમગ્ર દુનિયામાં પાકિસ્તાનની બેઈજ્જતી કરાવવા માટે પૂરતી છે.

## અમદાવાદની પ્રખ્યાત ઝેબર સ્કૂલમા ૮ વર્ષની બાળકીનું હાર્ટ અટેકથી મોત



અમદાવાદ

અમદાવાદના થલતેજમાં આવેલી પ્રખ્યાત ઝેબર સ્કૂલની ૮ વર્ષની ગાર્ગી રાણપરાનું અવસાન થવાની ઘટના સામે આવી છે. સવારે ૮ વાગ્યે સીડી ચડતી વખતે વિદ્યાર્થીનીને છાતીમાં દુઃખાવો થતાં સીડી પરથી પડી ગઈ હતી. આ પછી વિદ્યાર્થીનીને ઝાયડસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અને સારવાર શરૂ કરવામાં આવી હતી, પરંતુ હોસ્પિટલે વિદ્યાર્થીનીને મૃત જાહેર કરી હતી. પોલીસે શાળામાં પહોંચીને સીસીટીવી કેમેરા દ્વારા તપાસ શરૂ કરી હતી. વિદ્યાર્થીનીના માતા-પિતા હાલ મુંબઈમાં છે.

પોલીસે શાળામાં પહોંચીને સીસીટીવી ફૂટેજ સ્કેન કરીને તપાસ શરૂ કરી હતી. યુવતીના માતા-પિતા હાલ મુંબઈમાં છે. તેમજ ક્રાઈમ બ્રાંચની ટીમ અને બોડકદેવ પોલીસે ડોગ સ્કવોડ સાથે શાળામાં તપાસ કરી હતી.

જાબેર સ્કૂલ ફોર ચિલ્ડ્રનનાં પ્રિન્સિપાલ શર્મિષ્ઠા સિન્હાએ જણાવ્યું કે, ધોરણ ૩માં ભણતી વિદ્યાર્થી ગાર્ગી તુષાર રાણપરાને છાતીમાં દુખાવો થવા લાગ્યો. છાતીમાં દુઃખાવો થતાં વિદ્યાર્થી અચાનક બેસી ગયો હતો. તેમને શ્વાસ લેવામાં પણ તકલીફ થવા લાગી હતી અને તેમણે તાત્કાલિક સારવાર માટે ૧૦૮ને ફોન કર્યો હતો. એમ્બ્યુલન્સ મોડી પડતાં તેને સ્ટાફના વાહનમાં સારવાર માટે ઝાયડસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

સારવાર દરમિયાન કાર્ડિયાક અરેસ્ટને કારણે વિદ્યાર્થીનું મૃત્યુ થયું હોવાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું છે. આ વિદ્યાર્થી અમદાવાદમાં તેના દાદા-દાદી સાથે રહેતી હતી. જ્યારે તેના માતા-પિતા હાલ મુંબઈમાં છે અને તેમને જાણ કરવામાં આવી છે. પ્રવેશ સમયે કોઈ રોગ નહોતો. તેમજ પ્રવેશ સમયે વિદ્યાર્થીને કોઈ રોગ ન હોવાના દસ્તાવેજો લેવામાં આવ્યા છે. બીજી કોઈ બીમારી ન હોવા છતાં અચાનક છાતીમાં દુખાવો થવા લાગ્યો.

## અંબાજી મંદિરના ગાદી વિવાદમાં હવે ગિરીશ કોટેચાએ મહેશગીરીને પડકાર ફેંક્યો

જુનાગઢ

જુનાગઢમાં ગિરનાર મંદિરના અંબાજી મંદિરના મહંત તનસુખથગીરી બ્રહ્મલીન થયા બાદ ગાદી વિવાદમાં રોજ નિતનવા ખૂલાસા થઈ રહ્યા છે રોજ નવા વિવાદ સામે આવી રહ્યા છે. તનસુખગીરી બાપુના બ્રહ્મલીન થયા બાદ મંદિરના મહંત તરીકે મહેશગીરી ગાદીપતિ તરીકેનો દાવો કરી રહ્યા છે. જો કે હવે ગીરીશ કોટેચાએ તેમને જાહેરમાં ડિબેટ કરવા માટે પડકાર ફેંક્યો છે.

જુનાગઢમાં ચાલી રહેલા ગાદી વિવાદ મામલે ફરી વખત મહેશગીરીબાપુ અને ગીરીશ કોટેચા વચ્ચે આમને-સામને છે. મહેશગીરીએ જૂનાગઢના પૂર્વ ડેપ્યુટી મેયર ગિરીશ કોટેચા ધાર્મિક જગ્યાઓનાં પરાણે ટ્રસ્ટી બનીને કબજો કર્યાનો ગંભીર આક્ષેપ લગાવ્યો. હવે ગિરીશ કોટેચાએ પણ મહેશગીરીબાપુને પડકાર ફેંક્યો છે. કોટેચાએ મહેશગીરીને જાહેરમાં ડિબેટ કરવા ચેલેન્જ આપી છે.

કોટેચાએ મહેશગીરી પર વધુ આરોપ લગાવતા કહ્યુ કે મહેશગીરીબાપુ તો ફિલ્મ લાઈનમાં જવાના હતા. મહેશગીરી ગમે તે સમયે ગુરૂ બદલી નાખે છે તેવો આક્ષેપ પણ કોટેચાએ લગાવ્યો..મહેશગીરી જ્યારથી જૂનાગઢ આવ્યા ત્યારથી સંતોમાં અંદરો અંદર ઝઘડા શરૂ થયા છે તેવો આક્ષેપ લગાવતા ગુરૂ વસંતગીરી બાપુએ આપેલા ઓરીજીનલ પેપર રજૂ કરવા પણ કોટેચાએ પડકાર ફેંક્યો હતો. ભૂતનાથ મંદિર જગ્યા મહેશગીરી બાપુએ કઈ રીતે મેળવી તે અંગે ઝીણી તપાસની પણ કોટેચા માગ કરશે

ગિરીશ કોટેચા સાથે ભૂતનાથ મંદિરના બ્રહ્મલિન વસંતગીરી બાપુના શિષ્ય શિવગીરી પણ હાજર રહ્યા હતા. શિવગીરીએ દાવો કર્યો હતો કે જો સાચા હોય તો મહેશ ગિરી ભૂતનાથ મંદિર પુરાવા જાહેર કરે. પોતાને મહેશગીરીના કટ્ટર સમર્થકોથી જીવનું જોખમ હોવાનો પણ ભય શિવગીરીએ વ્યક્ત કર્યો હતો.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

# મકરસંક્રાંતિને ગણતરી દિવસો બાકી છે ત્યારે શહેરના પતંગ બજારો સજ્જ



**રવિવારે ખરીદી કરવા લોકો ઉમટી પડશે. ભાવવધારાની અસર શહેરના પતંગ રસિયાઓને અસર નહીં કરી શકે. બજારમાં ખરીદી માટે પતંગરસિયાઓની ભીડ હવે ઉમટી રહી છે અને રવિવારે લોકોની ઘરાકી નિકળવાની આશાએ વેપારીઓમાં પણ ખુશી જોવા મળી રહી છે**

બાલાસિનોર,

બાલાસિનોર નગર વિસ્તારમાં આગામી ૧૪મી જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિ એટલે કે ઉતરાયણ પર્વ આવી રહ્યો છે અને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. ત્યારે બાલાસિનોર શહેરમાં ઉતરાયણ પર્વની ઉજવણી માટેનો થનગનાટ શહેરીજનોમાં જોવા મળી રહ્યો છે. શહેરના પતંગ બજારો સજ્જ થઈ ગયા છે.પ્રાપ્ત વિગતો અનુસાર શહેરના રજપૂરી દરવાજા,થી બસ સ્ટેશન ના માર્ગ ઉપર અને બજારોમાં નાના મોટા વેપારી પતંગોના સ્ટોલ, દુકાનો જોવા મળી રહ્યાં છે જ્યાં વિવિધ પ્રકારની પતંગો, તૈયાર દોરીની રીલ, ફિરકા, ખાલી ચરખા, ચશ્મા, ટોપી તથા દેશી ગુબ્બારા વિગેરે જેવા મળી રહ્યા છે. પતંગ બજારમાં આ વર્ષે છ ઇંચથી પતંગથી માડીને છ ફૂટ સુધીની પતંગો જોવા મળી રહી છે.બીજી તરફ શહેરમાં માંજા રીલ સેન્ટરો પર દૌરી સૂતવાનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં દોરી સૂતાવવા રીતસરનું વેઈટીંગ જોવા મળી રહ્યું છે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે પતંગ તથા દોરીના ભાવમાં વધારો હોવા છતાં પણ શહેરના પતંગ રસિયાઓમા ઉતરાયણ પર્વને માણવાનો થનગનાટ જોવા મળી રહ્યો છે.શાળાઓમા તા. ૧૨ થી ૧૫જાન્યુઆરી સુધીની રજાઓને કારણે મિનિ વેકેશન પડશે જેના કારણે રવિવારે પતંગ બજારમાં ખરીદી માટે લોકોની ભીડ ઉમટે તેને દયાનમાં રાખીને ટ્રાફિક તથા લોકોની સુરક્ષાને દ્યાનમાં રાખીને તમામ વ્યવસ્થા પ્રશાસન દ્વારા કરવામાં આવી છે.

# બાલાસિનોર તાલુકામાંથી ચાઈનીઝ દોરી વેચતા ત્રણ ઈસમોની ધરપકડ કરાઈ

બાલાસિનોર,

બાલાસિનોર તાલુકાના જુદા જુદા વિસ્તારોમાંથી પોલીસે ચાઈનીઝ ફિરકી વેચતા ત્રણ ઈસમોને ઝડપી લીધા હતા બાલાસિનોર એલસીબીએ બે ઈસમોની ધરપકડ કરી હતી અને તાલુકા પોલીસે એક ઈસમને દબોચી લીધો હતો આ ત્રણેય ઈસમો પાસેથી ૫૪ ચાઈનીઝ ફિરકીઓ જપ્ત કરવામાં આવી હતી અને ગુનો નોધી ધોરણસરની કાર્યવાહી કરાઈ હતી.

બાલાસિનોર તાલુકામાંથી એક જ દિવસમાં ત્રણ વ્યક્તિઓને ચાઈનીઝ ફિરકીઓ વેચતા ઝડપી લેવામાં આવ્યા હતા. મહીસાગર એલસીબી ટીમ એ બાતમીના આધારે



બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં શ્રેયા સ્કૂલના ગેટની સામે થી સીઝાન આશિષ મનસુરી.રહે, નબગુજરાતની સામે બાલાસિનોર અને સુહાન મુતલીબ શેખ રહે, આશિયાના સોસાયટી,રાજપુર રોડ બાલાસિનોરનાની ધરપકડ કરી હતી એલસીબી પીઆઈ એમ કે ખોટ અને પોલીસ કર્મચારીઓએ ૩૬ હજાર રૂપિયાની ચાઈનીઝ દોરીની ૪૮ નંગ ફીરકીઓ જપ્ત કરી ફરિયાદ નોંધાવી હતી.

પોંડવા થી ભગા બારીયા તરફ જતા રોડ નજીક હનુમાનજી મંદિર પાસે એક ઈસમ ચોરી ચૂકી થી ચાઈનીઝ દોરીનો ગેરકાયદેસર વેપાર કરે છે, તેવી બાલાસિનોર તાલુકા પોલીસની મળી હતી. તે બાતમીના આધારે પીઆઈ ડી.કે.ઠાકર તેમજ પોલીસ કર્મચારીઓએ તપાસ હાથ ધરી ચાઈનીઝ દોરી વેચતા જીતેન્દ્રભાઈ કાળાભાઈ ચૌહાણ રહે ભગા બારીયાની ધરપકડ કરી હતી. આ ઈસમ પાસેથી ચાઈનીઝ દોરીની છ ફીરકી મળી આવી હતી. ૪૫૦૦ રુપિયાની કિંમતની ચાઈનીઝ દોરીની ફીરકીઓ જપ્ત કરી જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવી હતી. ચાઈનીઝ દોરીને કારણે ઈજાઓના બનાવો વધી રહ્યા હોય બાલાસિનોર પોલીસ દ્વારા ઉતરાણ પહેલા આ રીતે ગેરકાયદેસર ચાઈનીઝ દોરી વેચનારાઓને ઝડપી લેવા તપાસ હાથ ધરવામાં આવી છે.

# જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નડીઆદ દ્વારા રાષ્ટ્રીય યુવા દિવસ ઉજવાયો

નડિયાદ,

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રીમ કોર્ટ, નવી દિલ્હી દ્વારા નિર્ધારિત કાનૂની શિક્ષણ કાર્યક્રમો અનુસાર મે. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદની સુચના મુજબ તથા મે. જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ખેડા-નડીઆદના ચેરમેન અને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ એન.એ. અંજારીઆનાં નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આજ રોજ ૧૨ જાન્યુઆરી રાષ્ટ્રીય યુવા દિવસ ને અનુલક્ષીને નડીઆદ સ્થિત ભગત એન્ડ સોનાવાલા લો કોલેજ ખાતે કાયદાનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે એક વિશેષ કાનૂની જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનાં અધ્યક્ષ, જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, નડીઆદનાં ફૂલ ટાઈમ સેક્રેટરી(સિનિયર સિવિલ જજ કેડર) . ડી બી. જોષી દ્વારા રાષ્ટ્રીય યુવા



દિવસની શુભેચ્છા આપી હતી. મે. રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રીમ કોર્ટ, નવી દિલ્હી દ્વારા સમાજમાં સોશીયલ મીડીયાના માધ્યમ થકી કાનૂની સેવાઓને લગતી માહિતી-સંદેશ પહોચાડવાના હેતુસર કાયદાનાં વિદ્યાર્થીઓ માટે જ આયોજીત Reel Short Film Competition રીલ અને શોર્ટ ફિલ્મ હરીફાઈ વિશે માહિતી આપતાં તેઓએ જણાવ્યુ કે બાળકો તથા દિવ્યાંગજનો માટે કાનૂની સેવાઓ અને ગરીબી નાબુદી આ વિષય પર વધુમાં વધુ ૯૦ સેકંડની રીલ તથા વધુમાં વધુ ત્રણ મિનિટની શોર્ટ ફિલ્મ વિડીયો કોઈપણ અન્ય રીલ કે ફિલ્મની કોપી વિના, આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સની મદદ વિના, કોઈપણ વ્યકિત, સંસ્થા, જાતિ-સમાજ કે સંપ્રદાયની લાગણી દુભાય નહી તથા પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ રીતે અપમાન કે નુકસાન ન થાય તેની પુરતી કાળજી લઈને બનાવેલ ઉમદા રીલ અને શોર્ટ વિડીયો-ફિલ્મ રજુ કરવાનાં રહેશે. દેશભરની લો કોલેજો માંથી રજુ થયેલ આવા રીલ અને શોર્ટ વિડીયો-ફિલ્મો માંથી પસંદગી પામનાર ઉત્તમ રીલ વિડીયો રજુ કરનાર વિદ્યાર્થીઓને ઈનામ તથા ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ હરીફાઈમાં ઉત્સાહપૂર્વક ભાગ લે તેવી અપીલ કરી હતી.

જીલ્લા બાળ સુરક્ષા એકમ ખેડા-નડીઆદનાં લીગલ-કમ પ્રોટેક્શન ઓફિસર કીર્તિબેન જોષીએ વિદ્યાર્થીઓને આવી રીલ અને શોર્ટ ફિલ્મ બનાવવા માટે સરકારની કલ્યાણકારી યોજનાનાં ખરા લાભાર્થીઓને સાથે રાખીને રીલ બનાવવા જરૂરી માહિતી-માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમા કોલેજનાં આચાર્યા નયનાબેન પટેલ, પ્રોફેસર દિપાલીબેન પુરોહિત, લીગલ-કમ પ્રોટેક્શન ઓફિસર કીર્તિબેન જોષી, મહાનુભાવોઅને કર્મચારીઓ સહિત કુલ-૧૩૫ જેટલાં વિદ્યાર્થીઓએ હાજર રહ્યા હતાં.

# કઠલાલ ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમ યોજાયો

નડિયાદ,

જીલ્લામાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે કઠલાલ, નગરપાલિકા હોલ ખાતે જીલ્લા આત્મા પ્રોજેક્ટ કચેરી દ્વારા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજીત ૧૦૦૦ થી વધુ ખેડૂતોએ સહભાગી થઈ પ્રાકૃતિક ખેતીના ફાયદાઓથી માહિતગાર થયા હતા.

આ અવસરે ઇન્ચાર્જ પ્રોજેક્ટ ડાયરેક્ટર જે.પી.પટેલે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમ અંગેની રૂપરેખા આપી પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા સરકારના પ્રયાસોની વાત કરી હતી.

પ્રગતિશીલ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી તેમની ખેતીમાં આવેલ સકારાત્મક પરિવર્તનની વાત કરી અન્ય



લોકોને પણ પ્રાકૃતિક ખેતી અપનાવવા અપીલ કરી હતી. જેમાં પંચામૃત સિદ્ધાંતો, ગાય આધારિત ખેતી, મિશ્ર પાક, સરકારની યોજનાઓ, વેલ્યુ એડિશન સહિતની અગત્યની બાબતોનો સ્વાનુભવ રજૂ કરવામાં આવ્યો હતો.

આ અવસરે કૃષિ વૈજ્ઞાનિક કલ્પેશભાઈએ દેથલી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ખેતી માટેના મહત્વપૂર્ણ સંશોધનો ઉપર વાત રજૂ કરી હતી.

કાર્યક્રમ અંતર્ગત પ્રગતિશીલ પ્રાકૃતિક ખેડૂતોને પ્રશસ્તીપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ ખેતીવાડી શાખા, બીજ નિગમ લિમિટેડ અને પશુપાલન તથા પ્રાકૃતિક કૃષિની ખેત પેદાશોનું સ્ટોલ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વધુમાં, આઈસીડીએસ વિભાગ દ્વારા ખેડૂતોને પોષણના મહત્વ વિશે સમજ આપવામાં આવી હતી તથા અર્બન હેલ્થ સેન્ટર કઠલાલ દ્વારા ખેડૂતોનો આરોગ્ય તપાસ કરવામાં આવી હતી.ઉપરાંત, ખેડૂતોને ભવાઈ નાટકના માદયમથી દારૂ, વ્યસન અને અંધશ્રદ્ધા જેવી સામાજીક બદીઓથી મુક્ત રહેવાનો સંદેશો આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કઠલાલ નગરપાલિકા પ્રમુખ ગૌતમસિંહ ચૌહાણ, જીલ્લા ખેતીવાડી અધિકારી ડી.એચ, રબારી, ઈનચાર્જ આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટર જે.પી.પટેલ, નાયબ ખેતી નિયામક આર.ડી.પટેલ, દેથલી કૃષિ વૈજ્ઞાનિકઓ, બાગાયત, ખેતીવાડી અને આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ, કર્મચારીઓ, શહેર અગ્રણીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ફતેપુરા મામલતદાર કચેરીમાં સર્કલ ઓફિસર મંથનકુમાર પરમાર ૫,૦૦૦/-રૂપિયાની લાંચ લેતા મહિસાગર એ.સી.બી.એ ઝડપ્યો

ફતેપુરા,

ફતેપુરા મામલતદાર કચેરીમાં ફરિયાદીએ દારપણાના દાખલા માટે અરજી કરેલ હોય અને મહિનાનો સમય પુરો થતાં મામલતદાર કચેરીમાં ગયા હતા. અને સર્કલ ઓફિસરને મળ્યા હતા. સર્કલ ઓફિસર દ્વારા ફરિયાદીને અરજીમાં સુધારો તથા રૂા.૫૦ના સ્ટેમ્પ નવેસરથી કરી ૫૦૦૦/-રૂપિયા લઈ આવવા જણાવેલ હતુ. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોય મહિસાગર એ.સી.બી.માં ફરિયાદ કરી હતી. એ.સી.બી. દ્વારા છટકું ગોઠવી આજરોજ સર્કલ ઓફિસરને ૫,૦૦૦/-રૂપિયાની લાંચ લેતા ઝડપી પાડવામાં આવ્યો હતો. ફતેપુરા તાલુકાના ફરિયાદીને દારપણાના



દાખલાની જરૂરિયાત હોય જેથી ફતેપુરા મામલતદાર કચેરી ખાતે ગયા હતા. દારપણાનો દાખલો મેળવવા માટે ફરિયાદીના કાકાના છોકરાના નામે મિલ્કત આવેલ હોય જેથી કાકાના છોકરાના નામની અરજી તૈયાર કરાવી મામલતદાર કચેરી ટપાલ શાખામાં તા.૨૫/૧૦/૨૦૨૪ના રોજ આપેલ હતી. એક મહિનાનો સમય થવા છતાં દારપણાનો દાખલો નહિ મળતા ફરિયાદી ફતેપુરા મામલતદાર કચેરી ખાતે સર્કલ ઓફિસર મંથનકુમાર જીવાભાઈ પરમારને મળ્યા હતા. ત્યારે અરજી ક્યાંક મુકાઈ ગયલ છે તે શોધી કાઢીને તમને જણાવીશ તેમ કહ્યુ હતુ. ત્યારબાદ ફરિયાદી તા.૦૭/૦૧/૨૦૨૫ના રોજ ફતેપુરા મામલતદાર કચેરીમાં સર્કલ ઓફિસર આરોપી મંથનકુમાર જીવાભાઈ પરમારને મળ્યા હતા. ત્યારે સર્કલ ઓફિસર દ્વારા ફરિયાદીને અરજીમાં સુધારો તથા રૂ.૫૦નો સ્ટેમ્પ અને ૫,૦૦૦/-રૂપિયા લઈ આવવા જણાવેલ હતુ. અરજદાર સર્કલ ઓફિસરને લાંચના ૫,૦૦૦/-રૂપિયા આપવા માંગતા ન હોય જેને લઈ મહિસાગર એ.સી.બી.માં ફરિયાદ નોંધાવી હતી. અરજદારની ફરિયાદના આધારે મહિસાગર એ.સી.બી.દ્વારા છટકું ગોઠવવામાં આવ્યુ હતુ. ત્યારે આજરોજ ફરિયાદી સાથે ફતેપુરા મામલતદાર કચેરીમાં સર્કલ ઓફિસર મંથનકુમાર જીવાભાઈ પરમાર સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચના ૫,૦૦૦/-લેતા આરોપી સર્કલ ઓફિસર મંથનકુમારને રંગેહાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. ફતેપુરા મામલતદાર કચેરીનો સર્કલ ઓફિસર લાંચ લેતા એ.સી.બી.ના છટકામાં આબાદ ઝડપાઈ જતાં લાંચિયા કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# લુણાવાડા ફોર સીઝન હોટલ ખાતે જીલ્લા કક્ષાની સ્વાસ્થ્ય પરિષદ જીલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાઈ



મહીસાગર,

મહીસાગર જીલ્લામાં માતા મરણ, બાળ મરણ, કૂપોષણમાં ઘટાડો અને બિનચેપી રોગોને અટકાવવા માટે અસરકારક આયોજન તથા તેની અમલવારી માટે લુણાવાડા, ફોર સીઝન હોટલ ખાતે જીલ્લા કક્ષાની સ્વાસ્થ્ય પરિષદ જીલ્લા કલેકટર નેહા કુમારીની અધ્યક્ષ સ્થાને યોજાઈ.

આ પરિષદમાં જીલ્લા કલેકટર નેહા કુમારીએ જણાવ્યું હતું કે, છેવાડાનો એક પણ વ્યકિત આરોગ્યની સુવિધાથી વંચિત ન રહે તે માટે જીલ્લા વહીવટી તંત્ર પ્રયત્નશીલ છે. જીલ્લામાં ખૂટતી કડી પૂર્ણ કરી એક ટીમ બની કામ કરશું તો કુપોષણ, માતા મરણ અને બાળ મરણ જેવા વિવિધ આરોગ્યલક્ષી પ્રશ્નો અટકાવવામાં સફળતા જરૂરથી મળશે.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલે જણાવ્યું હતું કે, જીલ્લામાં ટ્રાઈબલ વિસ્તારમાં આરોગ્યલક્ષી સમસ્યાઓનું સાથે મળી અસરકારક નિવારણ કઈ રીતે કરી શકાય તે માટે સ્વાસ્થય પરિષદમાં ચૂટાયેલા પ્રતિનિધિઓ સાથે મળી તેમના વિસ્તારમાં ચાલતા પ્રશ્નો સાંભળી વધુ સારી કામગીરી કરી શકાય. સાથે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સમયાંતરે મિટિંગ યોજી આરોગ્ય ક્ષેત્રે વધુ સારી કામગીરી માટે સૂચનો પણ કરવામાં આવે છે.

આ પરિષદમાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, અધિક જીલ્લા આરોગ્ય અધિકારી, આરોગ્ય સમિતિ ચેરમેનના પ્રતિનિધિ, વર્ડ બેન્ક પ્રતિનિધિ, તાલુકા પંચાયત પ્રમુખો, સરપંચો સહિત આરોગ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આપની આજ.......

મેષ:આજનો દિવસ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.

વૃષભ: આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે. ઘરના પૂરા નહીં થયેલા કાર્યોથી અસ્વસ્થતા અનુભવી શકો છો. આવકના સ્ત્રોતમાં વધારો થશે.

મિથુન: આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં. કાર્ય વ્યવસાયથી લાભની પૂરેપૂરી સંભાવના છે, પરંતુ વિલંબ ટાળો નહીં તો નફો ઓછો થઈ શકે છે. ઘરની કોઈપણ ઘટનાને લઈને વ્યસ્તતા વધશે.

કર્ક: આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો, તેથી કોઈપણ કાર્ય વિચાર્યા પછી જ હાથમાં લેશો.

સિંહ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો. જો તમે ધૈર્ય ગુમાવશો તો તમારા પરિવારના સભ્યો સાથે બિનજરૂરી દલીલો થવાની સંભાવના છે. આર્થિક સ્થિતિમાં ઘટાડો થઈ શકે છે.

કન્યા: આજનો દિવસ લાભકારક રહેશે. પ્રકૃતિ ચંચળ હશે. લોકોને તમારી હાજરીમાં હળવાશનો અનુભવ થશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં, છતાં નાણાકીય લાભ ક્યાંકથી અચાનક બનશે.

તુલા: આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઈચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે. ઘરના કોઈને આપેલ વચન પૂરા કરવામાં વિલંબ થશે, જેના કારણે અશાંતિ થઈ શકે છે.

વૃશ્ચિક: નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં સંયમ નહીં રાખો તો ખરાબ સ્વાસ્થ્ય તરફ દોરાઈ શકો છો.

ધન: આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. મનમાં ખોટ થવાના ડરને કારણે તમે કાર્યમાં ઉત્સાહ લાવી શકશો નહીં. જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઇ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.

મકર: આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે. કુટુંબને તમારા વર્તનનો ઘમંડ ગમશે નહીં, વડીલોથી બચજો. ઓફિસમાં તમારા કામથી તમે સંતુષ્ટ થશો નહીં, ઓછા સમયમાં વધુ કમાણી કરવાની ભાવના તમને માનસિક રીતે વિચલિત રાખશે.

કુંભ: આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે. પરિવારના સભ્યો પણ કોઈક કારણસર ગુસ્સે થશે.

મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે. વ્યવસાયમાં બધા બિનજરૂરી કામ સરળતાથી થઈ જશે. મિત્રો સાથે મુસાફરી કરવાની પણ તકો મળશે. વિદેશી સંબંધિત કામમાં બિનજરૂરી પૈસા ખર્ચ થઈ શકે છે.

# દે.બારીયા શહેરમાં મકરસક્રાંતિના પર્વની તડામાર તૈયારીઓ સાથે આખરી ઓપ અપાઈ રહ્યો છે

દે.બારીયા,

દે.બારીયા શહેના તમામ ચાર રસ્તે તેમજ બસ સ્ટેન્ડ રોડ ઉપર પતંગો અને દોરી વેચનારા વેપારીઓ સ્ટોલો ઉપર પતંગો સ્ટોલો પર સજાવીને ગ્રાહકોને આકર્ષી રહ્યા છે. મકરસક્રાંતિનો પર્વને આખા દેશમાં અલગ અલગ નામો આપીને ઉજવણી કરાતી હોય છે. ઉત્તર ભારતના પ્રદેશોમાં વચશાખી નામે ઓળખાય છે. જ્યારે દક્ષિણ ભારતમાં પોંગલના નામે મનાવવામાં આવે છે. જ્યારે આપણા ગુજરાતમાં ગુજરાતીઓ મોટા ફેસ્ટીવલના સ્વરૂપે મકરસક્રાંતિ અથવા ઉત્તરાયણના નામે મનાવે છે. જેનો મહિમા સનાતન ધર્મમાં માગશર સુદ-૧૪ થી લઈને પોષ વદ-૧ સુધી એટલે કે મકરસક્રાંતિના દિવસ સુધી શહેરમાં વહેલી પરોઢે વર્ષો જુની પરંપરા અનુસાર પ્રભાત ફેરીની શરૂઆત સોમભાઇ ભોઈના દ્વારા



કરવામાં આવી હતી. જે પ્રભાત ફેરી હાલમાં રાધે ગોવિંદ મંદિર થી શરૂ થઈ હતી. ડેરી ફળીયા, ચબુતરા શેરી, સર્કલ બજાર તથા ટાવર થી પરત ફરી નાના મોટા સૌ ભજન કિર્તન કરવા માટે ધર્મ પ્રેમીઓ હાજરી આપતા હોય છે. બીજી બાજુ શહેરની મસ્જીદોમાં અલ્લાહ અકબરની બાંગ પોકારાય છે. આપણા ભારત દેશની ગંગા જમના તેહજીબના દ્રશ્યો શહેરમાં એક માસના સમય નિહાળવામાં અનોખો અને આંશિક વાતાવરણ ઉભો કરે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરમાં મકરસક્રાંતિનો પર્વની તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. માત્ર ગણતરીના દિવસો બાકી છે. પતંગ તથા દોરીના સ્ટોલ ઉભા થયા છે. વેપારી મિત્રોના જણાવ્યા અનુસાર એ.કે.૫૬ દોરીમાં ઉપાડ વધુ છે. યોદ્ધા અને સાંકળ આંઠ તેમજ પતંગોમાં અંડા કાર્ટુન જેવી રેડીમેડ પતંગો બજારમાં વેચાણ થઈ રહી છે. જેમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો થયો છે. તેવું પતંગ બજારોમાં ચર્ચાઈ રહ્યુ છે.

ખાસ કરીને શહેરની જુની અને જાણીતી હારૂન પતંગની માંગ વધારે છે. શહેરના રહેવાસીઓ જે પણ શહેરમાં ધંધાઅર્થે ગયા હોય ત્યાં આ હારૂન પતંગ મંગાવતા હોય છે. પતંગ બજોને અપીલ છે કે, કરૂણા અભિયાન ૨૦૨૫ પશુ પક્ષીઓની સારવાર રક્ષા માટે ગુજરાતની સંવેદનશીલ સરકારે તા.૧૦/૦૧/૨૦૨૫ થી ૨૦/૦૧/૨૦૨૫ દરમિયાન સારવાર કેન્દ્રો સેવારત રહેશે તો પક્ષીઓ જે ચાઈનીઝ દોરીથી ઘાયલ થાય છે. તેને આપણે સૌ મળીને તીલાંજલી આપવી રહી તો જ આપણો ભારત સશકત અને સુરક્ષીત રહેશે.

# દાહોદના ખરોડ ગામે બાયપાસ રોડ ઉપર ફોર વ્હીલ ચાલકે બાઈકને અડફેટમાં લેતા બાઈક ચાલકનું મોત

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોડ ગામેથી પસાર થતાં બાયપાસ રોડ પર એક ફોર વ્હીલર ગાડીના ચાલકે એક મોટરસાઈકલના ચાલકને અડફેટમાં લેતાં મોટરસાઈકલના ચાલકને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવેલણ ઈજાઓ પહોંચતાં મોટરસાઈકલના ચાલકનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

દાહોદના રાબડાળ ગામે ગાયત્રી મંદિર ફળિયામાં રહેતાં રોહીતભાઈ દલુભાઈ ઓહનીયા દાહોદમાં ખરોડ ગામે આવેલ જમનાદાસ મીલમાં મજુરી કામ કરતાં હતાં ત્યારે ગત તા.૦૮મી જાન્યુઆરીના રોજ રોહીતભાઈ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ જમનાદાસ મીલમાં મજુરી કામ માટે ગયાં હતાં અને મજુરી કામ પતાવી પરત પોતાના ઘરે પોતાના કબજાની મોટરસાઈકલ લઈ આવી રહ્યાં હતાં તે સમયે રસ્તામાં દાહોદના ખરોડ ગામે બાયપાસ રોડ પર એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રોહીતભાઈની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં રોહીતભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતાં જેને પગલે રોહીતભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે રીતેશભાઈ દલુભાઈ ઓહનીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન, ભારત

INTERNATIONAL Kite FESTIVAL 2025
11 થી 14 જાન્યુઆરી, 2025

# આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

11 થી 14 જાન્યુઆરી, 2025



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## પતંગોથી શણગારેલું આકાશ

પ્રતિવર્ષે, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ગુજરાતના આકાશને એક અદ્વિતીય જીવંત ઉત્સવમાં પરિવર્તિત કરી દે છે. આ દિવસે પરંપરાગત ભારતીય ડિઝાઇન અને 47 દેશની કલાત્મક રચનાઓની સાથે 143 આંતરરાષ્ટ્રીય પતંગબાજો આકાશમાં મનમોહક દૃશ્ય ઊભું કરશે, જે તમે ક્યારેય નહીં જોયું હોય. ગુજરાત માટે આ માત્ર એક તહેવાર નથી પરંતુ અહીં વિભિન્ન સંસ્કૃતિઓ અને હૃદયનો મેળાપ થાય છે સાથે જ સમગ્ર આકાશ જીવંત બની જાય છે.

ઉદ્‌ઘાટક
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી મુળુભાઈ બેરા**
માનનીય મંત્રી,
પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, ગુજરાત

11 જાન્યુઆરી, 2025 | સવારે 9.00 વાગે
વલ્લભસદન, સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ



### ઉજવણીનાં સ્થળો

| અમદાવાદ | SOU- એકતાનગર | રાજકોટ | વડોદરા | સુરત | શિવરાજપુર | ધોરડો |
|---|---|---|---|---|---|---|
| 11-14 જાન્યુઆરી, 2025 | 12 જાન્યુઆરી, 2025 | 12 જાન્યુઆરી, 2025 | 12 જાન્યુઆરી, 2025 | 13 જાન્યુઆરી, 2025 | 13 જાન્યુઆરી, 2025 | 13 જાન્યુઆરી, 2025 |
| વલ્લભસદન, સાબરમતી રિવરફ્રન્ટ | ડેમ વ્યૂ પૉઇન્ટ-3, SoU, એકતાનગર | ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ ગ્રાઉન્ડ, ડૉ. યાજ્ઞિક રોડ, જાગનાથ પોલીસ સ્ટેશન પાસે | નવલખી ગ્રાઉન્ડ, રાજમહેલ રોડ | રિવરફ્રન્ટની પાછળ, રિવર હાઇટ્સ અપાર્ટમેન્ટની સામે, BAPS મંદિરની સામેની ગલી, અડાજણ | શિવરાજપુર બીચ, શિવરાજપુર, તાલુકો દ્વારકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા | સાંસ્કૃતિક મંચ પાસે, સફેદ રણ |

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**
ઉદ્યોગ ભવન, બ્લૉક નં. 16, ચોથો માળ, સેક્ટર 11, ગાંધીનગર – 382010, ગુજરાત
www.gujarattourism.com • ટોલ ફ્રી નંબર: 1800 203 1111

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની મુલાકાત માટે QR સ્કેન કરો

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા-બામરોલી રોડ ઉપર જીલ્લા પુરવઠા અધિકારી અને ટીમની લોડીંગ ટેમ્પામાં લઈ જવાતા સરકારી ચોખાનો જથ્થો ઝડપ્યો

ગોધરા,

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી અને નાયબ કલેકટર એચ.ટી.મકવાણા પુરવઠા વિભાગની ટીમ સાથે ફેરણીમાં હતા. તે દરમિયાન ગોધરા બામરોલી રોડ ગાય સર્કલ પાસે અતુલ શકિત નંબર જીજે.૧૭.ડબલ્યુ.૪૦૨૩ને શંકાના આધારે ઉભી રાખવામાં આવી હતી.





જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા ગાડીમાં તપાસ કરવામાં આવતાં તેમાંથી ૨૨ કટ્ટા ફોર્ટીફાઈડ ચોખાનો સરકારી જથ્થો મળી આવેલ અતુલ શકિતના ડ્રાઈવરને પુછપરછ કરવામાં આવી હતી. તેમાં ૨૨ કટ્ટા માંથી ૧૪ કટ્ટા નીલમ ટ્રેડર્સ માંથી ૮ કટ્ટા સર્કલ સામે આવેલ બેનામી અનાજની પેઢીના માલિક તુલસીદાસ ગિરધરદાસ સૌનેયા દ્વારા ભરવામાં આવેલ હતો અને આ જથ્થો ગોધરા તાલુકાના છબનપુરના સરપંચ લાભુભાઈને ઘરે ઉતારવાનો હતો. જેથી જીલ્લા પુરવઠા વિભાગની ટીમ દ્વારા આકસ્મિક રીતે અનાજની બેનામી પેઢી માંથી અનાજ અને વાહન સહિત કિંમત ૫,૧૦,૩૭૦/– રૂપીયાનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. બેનામી અનાજ પેઢી ઉપર તપાસમાં કોઈપણ પ્રકારની હિસાબી રેકર્ડ નિભાવવામાં આવેલ ન હતું. તેમજ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ વેપારીઓનું (નિયમન કરવા બાબતે) હુકમ ૧૯૭૭ની વિવિધ જોગવાઈઓ ભંગ કરેલ છે.

- ડ્રાઈવરની તપાસમાં ચોખા નિમલ ટ્રેડર્સ અને બેનામી પેઢી માંથી ભરી છબનપુર લઈ જવાતા હતા.
- નિમલ ટ્રેડર્સ અને બેનામી પેઢી માંથી બિનહિસાબી અનઅધિકૃત અનાજનો જથ્થો સીઝ કરાયો.

તેમજ નિલમ ટ્રેડર્સ માંથી ૩૧,૨૫,૭૫૦/–અનઅધિકૃત રીતે બિનહિસાબી અનાજનો સંગ્રહ કરેલ છે. તેમજ તપાસમાં કોઈ પ્રકારનું હિસાબી રેકર્ડ નિભાવેલ ન હોય તેમજ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ વેપારીઓનું નિયમન કરવાના હુકમ ૧૯૭૭ની જોગવાઈઓનો ભંગ કરેલ છે. આમ બન્ને પેઢી માંથી ચોખા–ઘઉં, ડાંગર, તુવેર, ચણા, બાજરી, મકાઈ, બંટી તેમજ કોદરા સહિત બિનહિસાબી આવશ્યક જોગવાઈનો ભંગ કરેલ છે. ૧૬૮૯ કટ્ટા કિંમત ૩૬,૧૬,૧૨૦/– રૂપીયાનો અનઅધિકૃત બિનહિસાબી સંગ્રહ કરેલ અનાજનો જથ્થો સીઝ કરવામાં આવ્યો. નીલમ ટ્રેડર્સના પ્રોપરાઈટર પરેશભાઈ ઉસ્મનરાય સોનૈયા અને બેનામી પેઢીના ગોડાઉન માલિક તુલસીદાસ ગીરધરદાસ સૌનૈયા બન્ને પેઢીઓ દ્વારા ભારત સરકારના વિવિધ પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરી તેમજ હિસાબી રેકર્ડ નહિ નિભાવી અનઅધિકૃત રીતે સંગ્રહ કરેલ જથ્થો સીઝ કરી બન્ને પેઢીના માલિક સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

## ગોધરામાં આતંક મચાવતા કપીરાજને સોનીવાડ રામજી મંદિર ફળીયા માંથી ફોરેસ્ટ વિભાગે બંદુકથી બેભાન કરી પકડી લેવામાં આવતાં લોકોમાં હાશકારો

ગોધરા,

ગોધરા શહેરામાં છેલ્લા સપ્તાહથી આતંક મચાવતા કપીરાજને પકડવામાં આવે તેવી માંગ ઉઠવા પામી હતી. કપીરાજ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ૧૦ થી ૧૫ લોકોને બચકા ભરીને ઈજાઓ પહોચાડી ચુક્યો હતો. ગઈકાલ ફોરેસ્ટ વિભાગ દ્વારા કપીરાજને પાંજરે પુરવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા હતા પરંતુ કપીરાજ પકડાયો ન હતો. આજરોજ છોટાઉદેપુર અને લુણાવાડા થી ફોરેસ્ટ વિભાગની ટીમ બોલવવામાં આવી હતી અને આખરે સોનીવાડ રામજી મંદિર વિસ્તાર માંથી કપીરાજને પકડી લેવામાં આવતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.



ગોધરા શહેરમાં છેલ્લા સપ્તાહથી કપીરાજ એ આતંક મચાવી રહ્યા હતા. શહેરના સોનીવાડ, સિવિલ હોસ્પિટલ વિસ્તાર તેલંગ હાઈસ્કુલ તેમજ તળાવ વિસ્તારમાં અત્યાર સુધી ૧૦ થી ૧૫ લોકોને કપીરાજ બચકા ભરીને ઈજાઓ પહોંચાડી છે. ત્યારે આતંક મચાવતા કપીરાજને પાંજરે પુરવા માટે ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં આવી હતી. ગઈકાલે વન વિભાગની ટીમ દ્વારા તેલંગ હાઈસ્કુલ ખાતે પાંજરૂ ગોઠવીને કપીરાજને પકડવાના પ્રયત્ન કરવામાં આવ્યા હતા. છતાં કપીરાજ પાંજરે નહિ પુરતા વન વિભાગ દ્વારા બંદુક વડે બેભાન કરીને પકડવા માટે પ્રયાસો કર્યા હતા છતાં પણ કપીરાજ પકડાયો ન હતો. આતંક મચાવતા કપીરાજ વન વિભાગની ટીમને હાથ તાડી આપીને છટકી ગયો હતો અને કપીરાજએ સોનીવાડ રામજી મંદિર વિસ્તારમાં જોવા મળ્યા હતા. બચકા ભરીને લોકોને ઘાયલ કરતા કપીરાજને કારણે લોકોમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો. આતંક મચાવતા કપીરાજને પકડવા માટે વન વિભાગ દ્વારા લુણાવાડા અને છોટાઉદેપુરથી વન વિભાગની બે ટીમ બોલાવવામાં આવી હતી. વન વિભાગને જાણ થઈ હતી કે, કપીરાજ સોનીવાડ વિસ્તારના રામજી મંદિર ફળીયામાં ડેરો જમાવ્યો છે. તેવી જાણકારી મળતા ફોરેસ્ટ વિભાગની ટીમ રામજી મંદિર ફળીયામાં પહોંચી હતી અને છોટાઉદેપુર ફોરેસ્ટ વિભાગના કર્મી દ્વારા કપીરાજને બંદુક વડે બેભાન કરીને પકડી પાડવામાં આવ્યો હતો. વન વિભાગ દ્વારા આતંક મચાવતા કપીરાજને પકડીને વેટરનીટી દવાખાનામાં લઈ જઈ જરૂરી તપાસ બાદ જંગલમાં સુરક્ષીત છોડી મુકવામાં આવશે.

## જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કાયદાકીય માર્ગદર્શન



ગોધરા,

સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા દ્વારા આયોજીત સાત દિવસીય એન.એસ.એસ. શિબિર કે જે પ્રાથમિક શાળા વાવડી બુઝુર્ગ ગોધરા ખાતે યોજાઈ. જેમાં જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગોધરા પંચમહાલ દ્વારા ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને કાનૂની માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ શિબિરમાં જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પેરા લીગલ વોલેન્ટર જશવંતભાઈ કોન્ટ્રાક્ટર તથા પેનલ એડવોકેટ સ્વાતિબેન વાઘેલા દ્વારા બાળ લગ્ન, પોક્સો એકટ સહિતના કાયદાઓ પર સુંદર માહિતી આપવામાં આવી હતી. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. અરૂણસિંહ સોલંકી દ્વારા તમામ વ્યવસ્થા સફળ રીતે પૂરી પડાઈ હતી.

## સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા ખાતે વિશ્વ હિન્દી દિવસની ઉજવણી કરાઈ



ગોધરા,

સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસના ઉપક્રમે ૧૦ જાન્યુઆરીની વિશ્વ હિન્દી દિવસ તરીકે શાનદાર રીતે ઉજવણી કરાઈ હતી. આ દિવસની શરૂઆતથી તમામ વિદ્યાર્થીઓએ વાતચીત માત્ર હિન્દીમાં કરવાની સૂચના આપવામાં આવી હતી. તે અનુસાર સમગ્ર કાર્યક્રમનું સંચાલન પણ હિન્દીમાં થયું હતું. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ અને પ્રોગ્રામ ઓફિસર ડો.અરૂણસિંહ સોલંકી એ સ્વાગત પ્રવચન તથા જરૂરી તમામ માહિતી હિન્દીમાં આપી હતી અને હિન્દી ભાષાનું મહત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓએ પોતપોતાના અભિપ્રાયો હિન્દીમાં જ વ્યક્ત કર્યા હતા અને હિન્દીની મહત્વતા જાણી હતી. કાર્યક્રમની આભાર વિધિ કુમારી મેઘા શાક્યએ કરી હતી.

## શહેરા તાલુકામાં આરોગ્ય સંજીવની રથ દ્વારા બે વર્ષમાં ૬૦ હજાર દર્દીઓની સારવાર કરાઈ



શહેરા,

શહેરા તાલુકા ખાતે કાર્યરત સંજીવની આરોગ્ય રથ છેલ્લા ૯ વર્ષ થી કામગીરી કરે છે. આ આરોગ્ય સંજીવની રથ દ્વારા અંતરિયાળ વિસ્તારમાં ગામે ગામ આરોગ્ય સેવા વિના મૂલ્યએ પુરી પાડવામાં આવે છે. આ રથમાં ડોક્ટર પાયલ જોષી તેમજ ડોક્ટર પલક કટારા, ડ્રાઈવર. હસમુખ જાદવ, લેબ. ટેકનીશ્યન. પંકજ જાદવ, પેરા મેડિકલ સ્ટાફ કૈલાશ બારીયા અને ફાર્માસિસ્ટ નૈનેશ પટેલ કાર્યરત છે. આરોગ્ય રથમાં લોહી, પેશાબ, ડાયાબિટીસ, બ્લડ પ્રેસર, મલેરિયા, પ્રગનેન્સી ટેસ્ટ જેવા રિપોર્ટ કરવામાં આવા સાથે પ્રાથમિક તપાસ કરવામાં આવે છે અને સગર્ભા માતાની તપાસ કરીને યોગ્ય સારવાર કરવામાં આવતી હોય છે. વર્ષ દરમિયાન તાલુકાનો વિસ્તારમાં આવેલી વિવિધ શાળાઓમાં બાળકોનું આરોગ્યય લક્ષી ચેકઅપ કરવામાં આવે છે, તેમજ આંગણવાડી બાળકોનું પણ ચેક અપ કરવામાં આવે છે. હાલ હમણાં Viral infection (HMPV–વાયરસ)ના લક્ષણો અને તેનો ફેલાવો કેવી રીતે થાય છે. તેના વેશી માહિતી તાલુકાના ગામોમાં આપવામાં આવી રહી છે. ગત ૨ વર્ષે થી આ આરોગ્ય રથએ ૬૦ હજાર થી વધુ દર્દીઓને તબીબી સારવાર કરવામાં આવવા સાથે ૨૬ હજાર થી પણ વધારે લેબ ટેસ્ટની તપાસ કરવામાં આવી હતી. તાલુકાના ગ્રામીણ વિસ્તાર માટે આરોગ્ય રથ આશીર્વાદ સમાન છે.

## કાલોલની શાંતિનિકેતન શાળામાં પંચમહાલ સાંસદ અને કાલોલ ધારાસભ્યની હાજરીમાં રમતગમત દિવસની ઉજવણી કરવામાં આવી



કાલોલ,

કાલોલ તાલુકાની શામળદેવી શાંતિનિકેતન શાળામાં રમતગમત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાંતિ નિકેતન સ્કૂલ ખાતે સ્પોર્ટ ડે ની ઉજવણી કરવામાં આવી. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર અલગ અલગ રમતોમાં ભાગ લીધો હતો. પંચમહાલ જીલ્લા સાંસદ રાજપાલસિંહ જાદવ, કાલોલ તાલુકા ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ અને કાલોલ તાલુકા ભાજપ પ્રમુખ મહિદીપસિંહ ગોહિલ હાજર રહ્યા હતા અને બાળકોને સ્પોર્ટ ડેના અંતે સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## શહેરા સરકારી દવાખાના સામે અશોલ લેલન્ડ ગાડીમાં ક્રુરતા પૂર્વક લઈ જવાતા ૧૩ પશુઓ સાથે બે ઈસમોને ઝડપ્યા

શહેરા,

શહેરા સરકારી દવાખાના સામેના હાઈવે પરથી ઘાસચારો કે પાણીની સગવડ વિના ક્રૂરતપૂર્વક બાંધી ૧૪ જેટલા પશુઓ ભરીને લઈ જતી અશોકલેલેન્ડ ગાડી સહિત રૂ.૧૩,૨૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે બે ઈસમોને પકડી પાડીને કાયદેસરની કાયેવાહી હાથધરી હતી,પોલીસે કતલખાને લઈ જવાતા ૧૪ જેટલા પશુઓને બચાવીને જીવદયા પાંજરાપોળમાં ગોધરા ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.શહેરા પોલીસ મથકના પોલીસ ઈન્સપેકટર અંકુર ચૌધરીને બાતમી મળી હતી કે રામદેવ હોટલથી એક અશોક લેલેન્ડ ગાડી નંબર PB-05-AR-9594માં ગેરકાયદેસર રીતે ગૌવંશ ભરી શહેરા તરફ આવનાર છે. જે બાતમીના આધારે શહેરા પોલીસ મથકના સર્વેલન્સ પોલીસ સબ ઈન્સપેક્ટર સતીષ કામોળ તથા સર્વેલન્સ ટીમના માણસો લુણાવાડા–શહેરા હાઈવે રોડ ઉપર આવેલ સરકારી દવાખાના સામે બાતમીવાળા વાહનની વોચમાં હતા. તે સમય દરમ્યાન બાતમી મુજબનું વાહન આવતા તેને ઉભુ રખાવી ગાડીની તાડપત્રી ખોલી તેમાં તપાસ કરતા ટૂંકા–ટૂંકા દોરડાઓ વડે ક્રુરતા પૂર્વક કોઈપણ પ્રકારના ઘાસચારો કે પાણીની સુવિધા વગર ૧૪ જેટલા પશુઓ બાંધી રાખેલ મળી આવ્યા હતા. જેને લઈને રૂ.૩,૧૦,૦૦૦ ની કિંમતના ૧૪ પશુઓ, અશોકલેલેન્ડ ગાડીની કિંમત રૂ.૧૦,૦૦,૦૦૦ તથા બે મોબાઈલ ફોનની કિંમત રૂ.૧૦૦૦૦ તથા મળી કુલ રૂ.૧૩,૨૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે પંજાબ રાજયના ફાઝીલકા જીલ્લાના આબોહર તાલુકાના શીર્ડફાર્મ કચ્ચાના રહેવાસી બબ્બુસિંઘ દર્શનસિંઘ મજબીશીખ અને શીર્ડફાર્મ પક્કાના રશપાલસિંઘ દર્શનસિંઘ મજબીશીખ એમ બે ઈસમોને ઝડપી પાડી તેઓની વિરૂદ્ધ પશુ સંરક્ષણ સુધારા અધિનિયમની જુદી–જુદી કલમો હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. જ્યારે પોલીસે કતલખાને જતા ૧૪ જેટલા પશુઓને બચાવી લઈને તમામ પશુઓને ગોધરાના જીવદયા પાંજરાપોળમાં મોકલી આપવામાં આવ્યા હતા.શહેરા, શહેરા સરકારી દવાખાના સામેના હાઈવે પરથી ઘાસચારો કે પાણીની સગવડ વિના ક્રૂરતપૂર્વક બાંધી ૧૪ જેટલા પશુઓ ભરીને



લઈ જતી અશોકલેલેન્ડ ગાડી સહિત રૂ.૧૩,૨૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે બે ઈસમોને પકડી પાડીને કાયદેસરની કાયેવાહી હાથધરી હતી,પોલીસે કતલખાને લઈ જવાતા ૧૪ જેટલા પશુઓને બચાવીને જીવદયા પાંજરાપોળમાં ગોધરા ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.શહેરા પોલીસ મથકના પોલીસ ઈન્સપેકટર અંકુર ચૌધરીને બાતમી મળી હતી કે રામદેવ હોટલથી એક અશોક લેલેન્ડ ગાડી નંબર PB-05-AR-9594માં ગેરકાયદેસર રીતે ગૌવંશ ભરી શહેરા તરફ આવનાર છે. જે બાતમીના આધારે શહેરા પોલીસ મથકના સર્વેલન્સ પોલીસ સબ ઈન્સપેક્ટર સતીષ કામોળ તથા સર્વેલન્સ ટીમના માણસો લુણાવાડા–શહેરા હાઈવે રોડ ઉપર આવેલ સરકારી દવાખાના સામે બાતમીવાળા વાહનની વોચમાં હતા. તે સમય દરમ્યાન બાતમી મુજબનું વાહન આવતા તેને ઉભુ રખાવી ગાડીની તાડપત્રી ખોલી તેમાં તપાસ કરતા ટૂંકા–ટૂંકા દોરડાઓ વડે ક્રુરતા પૂર્વક કોઈપણ પ્રકારના ઘાસચારો કે પાણીની સુવિધા વગર ૧૪ જેટલા પશુઓ બાંધી રાખેલ મળી આવ્યા હતા. જેને લઈને રૂ.૩,૧૦,૦૦૦ ની કિંમતના ૧૪ પશુઓ, અશોકલેલેન્ડ ગાડીની કિંમત રૂ.૧૦,૦૦,૦૦૦ તથા બે મોબાઈલ ફોનની કિંમત રૂ.૧૦૦૦૦ તથા મળી કુલ રૂ.૧૩,૨૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે પંજાબ રાજયના ફાઝીલકા જીલ્લાના આબોહર તાલુકાના શીર્ડફાર્મ કચ્ચાના રહેવાસી બબ્બુસિંઘ દર્શનસિંઘ મજબીશીખ અને શીર્ડફાર્મ પક્કાના રશપાલસિંઘ દર્શનસિંઘ મજબીશીખ એમ બે ઈસમોને ઝડપી પાડી તેઓની વિરૂદ્ધ પશુ સંરક્ષણ સુધારા અધિનિયમની જુદી–જુદી કલમો હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. જ્યારે પોલીસે કતલખાને જતા ૧૪ જેટલા પશુઓને બચાવી લઈને તમામ પશુઓને ગોધરાના જીવદયા પાંજરાપોળમાં મોકલી આપવામાં આવ્યા હતા.

## કાલોલ મામલતદાર કચેરીના પટાવાળા તુષાર જોશીનું અકસ્માત નહીં પણ મર્ડર થયું હોવાનું આવેદનપત્ર કાલોલ પોલીસ મથકે આપતા ચકચાર મચી

કાલોલ,

કાલોલ મામલતદાર કચેરીમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા કર્મચારીનું અકસ્માત નહીં પણ મર્ડર કરી દેવામાં આવ્યું છે, તેવો દાવો કરી રામનાથના સરપંચ નીરવ પટેલ અને અન્ય જાગૃત નાગરીકો દ્વારા આજ રોજ કાલોલ પોલીસને આવેદનપત્ર આપ્યું છે. આ અગાઉ થોડા દિવસ પહેલા જ સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ ફેસબુકના માધ્યમથી નીરવ પટેલ દ્વારા પોતાની આઈડી થી શેર કર્યું હતું કે, મામલતદાર કચેરીમાં ફરજ બતાવતા આઉટસોર્સ માદયમના પટાવાળા તુષારભાઈ અશોકભાઈ જોશી તેમનું અકસ્માતમાં નહીં પણ અંગત અદાવત રાખી મર્ડર કરી દેવામાં આવ્યું છે અને વધુમાં તેવું પણ જણાવ્યું છે કે, અકસ્માત દરમિયાન મામલતદાર ઓફિસની ગાડીમાં બેઠેલા અધિકારીઓની પણ કડકાઈથી પૂછપરછ કરવામાં આવે તેવું નીરવ પટેલ જણાવી રહ્યા છે. સોશિયલ મીડિયા facebookના માધ્યમથી નીરવ પટેલે ખુલાશો કર્યો છે તે સાચો છે કે ખોટો તેતો હવે પોલીસ તપાસનો વિષય છે. હવે આ કેસમાં પોલીસ તટસ્થ તપાસ કરે અને તુષાર જોષીના કેશમાં અકસ્માત છે કે મર્ડર હવે પોલીસ તપાસમાં જ બહાર આવશે. આવેદનમાં જણાવેલ વિગત જોતા આ બનાવ અંગે મૃતકના પિતાએ ટ્રેક્ટર ચાલક દ્વારા અકસ્માત કરી ટ્રેક્ટર પલ્ટી ખવડાવી હોવાની ફરિયાદ નોંધાવી છે અને મામલતદાર વાય.જે.પુવાર દ્વારા બીજા દિવસે ટ્રેક્ટર ચાલક દ્વારા સરકારી ગાડીને ટક્કર મારી નુકશાન કર્યું હોવાની ફરિયાદ નોંધાવી છે. બન્ને વિગતોની ફરિયાદ અલગ અલગ કેમ? તમામ હકીકતો જોતા મામલતદારનીગાડી પાવાગઢ પંચ મહોત્સવમાં જતી હતી તો અલવા ફતેપુરીનો રસ્તો કેમ પસંદ કર્યો ? શું ખરેખર મામલતદાર બનાવ સમયે સરકારી ગાડીમાં હતા ? જો ગાડીમાં હતા તો કહેવાતા અકસ્માતની ફરિયાદ તેઓએ શા માટે ન નોંધાવી? પકડાયેલ ટ્રેક્ટર પણ શંકાસ્પદ હોવાનું જણાવ્યુ છે. સમગ્ર બનાવમાં સરકારી ગાડીનો ચાલક કિસન ગણપતભાઈ તથા ક્લાર્ક ઉતમસિહની યોગ્ય રીતે તપાસ થાય અને મોબાઈલ કોલ ડિટેલ અને લોકેશનની તપાસ થાય તો બહુ મોટા રહસ્યો બહાર આવે તેમ છે. મામલતદારની સરકારી ગાડીનો ચાલક ખરેખર કિસન છે કે, તેના પિતા ગણપત તે પણ તપાસનો વિષય છે. કિસન મામલતદાર કચેરીમાં પટાવાળા તરીકે ફરજ બજાવે છે, તેમ છતાં કાયમ મામલતદારની સરકારી ગાડી ચલાવતો હોય છે. વધુમા ગેરકાયદેસર રીતે રેતી અને માટી ખનન કરતા તત્વો સાથે સાઠગાંઠ મા પણ કિસન નો મોટો હાથ અને ભાગ હોવાનુ ચર્ચામાં છે. કિસન અને ઉતમસિંહ છાસવારે સરકારી ગાડી લઈને રેતી અને માટી ચોરો ને પકડવા અને પકડ્યા બાદ તોડ કરતા હોવાની વ્યાપક ચર્ચાઓ ચાલી રહી છે અને તુષારના મરણને દિવસે પણ આ લોકો મામલતદારની ગાડી લઈને ટ્રેક્ટર ચાલક પાસે થી તોડ કરવા ગયા હોવાનું અને તે દરમ્યાન ઝપાઝપી બાદ તુષારના માથામાં લોખંડની ભારે વસ્તુ મારી હોવાની સ્ફોટક ચર્ચાઓ જામી રહી હોવાનુ આવેદન પત્રમાં ઉલેખ કરી તટસ્થ તપાસ કરી સત્ય બહાર લાવવા માંગ કરી છે. આવેદનપત્રની નકલ જીલ્લા પોલીસ અધિક્ષક તથા જીલ્લા કલેકટર અને ગૃહમંત્રીને પણ મોકલી આપી હોવાનુ જાણવા મળેલ છે. સમગ્ર ઘટના અંગે ચોંકાવનારા દાવા સાથે આવેદન આપતા ઘટના અંગે ચર્ચાઓ જામી છે.



## મોરવા(હ)ના સંતરોડ સાલીયા ચેકપોસ્ટ પાસે આઈસર ગાડીના પડખામાં ચોરખાનું બનાવી લઈ જવાતો ૨.૫૪ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના સંતરોડ સાલીયા ચેકપોસ્ટ પાસે હાઈવે રોડ ઉપર પોલીસ વાહન ચેકીંગમાં હતી. દરમીયાન આઈસર ગાડીને રોક્વામાં આવી હતી અને બટાકા–ડુંગરી ભરીને જતી આઈસર ગાડીના સાઈડના પડખામાં ગુપ્ત ખાનું બનાવી લઈ જવામાં આવતાં ઈંગ્લીશ દારૂની બોટલો નંગ–૧૮૯૬ કિંમત ૨,૫૪,૬૪૦/–નો દારૂનો જથ્થો ગાડી મળી કુલ ૭,૬૬,૬૪૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ચાલકને ઝડપી પાડવામાં આવ્યો હતો.પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના સંતરોડ સાલીયા ચેકપોસ્ટ પાસે હાઈવે રોડ ઉપર મોરવા(હ) પોલીસ વાહન ચેકીંગમાં હતી. દરમિયાન શંકાસ્પદ રીતે પસાર નંબર જીજે.૨૩.એટી.૧૬૮૩ રોક્વામાં આવી હતી અને આઈસર ગાડીમાં બટાકા–ડુંગળીના થેલા ભરી તેની આડમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈ જવાતો હતો. પોલીસ દ્વારા આઈસર ગાડીના સાઈડના પડખામાં ચોરખાનું બનાવીને સંતાડીને લઈ જવાઈ રહેલ ઈંગ્લીશ દારૂ માઉન્ટર્સ ૬૦૦૦ સ્ટોંગ માર્કાની બીયર ટીનની પેટીઓ નંગ–૧૧ કિંમત ૩૪,૩૨૦/–રૂ., ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેશ વ્હીસ્કી પેટીઓ નંગ–૩૪ કિંમત ૨,૨૦,૩૨૦/–રૂપીયા મળી કુલ ૨,૫૪,૬૪૦/–રૂપીયાનો ઈંગ્લીશ દારૂનો જથ્થો તેમજ બટકા–ડુંગરના કટ્ટા નંગ–૬૦ કિંમત ૧૨,૦૦૦/– –રૂપીયા આઈસર ગાડી કિંમત ૫,૦૦,૦૦૦/–રૂપીયા મળી કુલ કિંમત ૭,૬૬,૬૪૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ચાલક કરણસિંહ રૂપસિંહ ચૌહાણ (રહે. બાજીપુરા,તા.ઉમરેઠ, આણંદ)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.121